


**પાલનપુરમાં જમીયત ઉલમા દ્વારા આતંકવાદના વિરોધમાં કલેક્ટરને આપ્યું આવેદનપત્ર**

તાજેતરમાં ફ્રાન્સ અને તુર્કીમાં થયેલા આતંકવાદી હૂમલાઓમાં નિર્દોષ લોકો મોતને ઘાટ ઉતર્યા છે. આતંકવાદી હૂમલાને લઈને વિશ્વભરના નેતાઓએ આતંકવાદી હૂમલાઓની નિંદા પણ કરી છે. ત્યારે દેશભરમાં મુસ્લિમ સમુદાયનું જમીયત ઉલમા સંગઠન દ્વારા આતંકવાદના હૂમલાનો વિરોધ કરવામાં આવ્યો હતો. જિલ્લામથક પાલનપુરમાં જમીયત ઉલમા બનાસકાંઠાના મુસ્લિમ આગેવાનો દ્વારા જિલ્લા કલેક્ટર દિલીપ રાણાને આતંકવાદનો વિરોધ કરતો આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું. જિલ્લાના જમીનયત ઉલમા પ્રમુખ મૌલવી અબ્દુલ કુદુસ એ મીડિયા કર્મીઓ સાથેની વાતચીત કરતા જણાવ્યું હતું કે જમીયત ઉલમા હિંદે ભારતને અંગ્રેજોના અંકુશમાંથી મુક્ત કરાવી ખુબ જ મહત્વની ભૂમિકા ભજવી દેશને આઝાદ કરાવ્યો છે. ત્યારે ફ્રાન્સ અને તુર્કીમાં આતંકવાદી હૂમલા થઈ રહ્યા છે અને ઈસ્લામને બદનામ કરવામાં આવી રહ્યું છે. આતંકવાદનો ઈસ્લામને સાથે કોઈ નિસ્બત નથી. ઈસ્લામ અમન, ભાઈચારા, શાંતિનો ધર્મ છે અને હંમેશા આતંકવાદનો વિરોધ કરતો રહ્યો છે. આઈએસઆઈએસનો આતંકવાદ ઈસ્લામ ધર્મ વિરોધના અપકૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.

## ચૂંટણી પહેલાં રાજસ્થાન અને ગુજરાત પોલીસ નાસતા ફરતા શખ્સોને ઝડપી લેશે

હિંમતનગર, તા. ૨૦

ગુજરાતમાં આગામી દિવસોમાં યોજાનાર મહાનગરપાલિકા નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પોલીસતંત્ર દ્વારા કાયદો અને વ્યવસ્થાનું યોગ્ય રીતે પાલન થાય તેમજ નશીલા પદાર્થોનું વેચાણ ન થાય તે માટે ચર્ચા કરવા બુધવારે હિંમતનગર ખાતે રાજસ્થાન અને ગુજરાતના ઉચ્ચ પોલીસ અધિકારીઓની અગત્યની બેઠક યોજાઈ હતી.

આ અંગે ગાંધીનગર રેન્જ આઈ.જી. હસમુખ પટેલના જણાવ્યા અનુસાર ચૂંટણીઓને ધ્યાનમાં રાખી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નાસતા ફરતા ૭૦૦થી વધુ શખ્સો રાજસ્થાન તથા અન્ય રાજ્યોમાં છુપાઈ રહ્યા છે. જેથી તેમને પકડવા માટે ગુજરાત અને રાજસ્થાન પોલીસ એકબીજાના સહયોગથી તેમને પકડવાની કાર્યવાહી કરશે.

તેજ પ્રમાણે રાજસ્થાનના શખ્સોને પણ ગુજરાતમાંથી ઝડપી લેવા સ્થાનિક પોલીસ સહયોગ આપશે. એટલુ જ નહિ પણ ચૂંટણી અગાઉ સરહદી જિલ્લામાં આવેલા પોલીસ સ્ટશનના સર્કલ ઈન્સ્પેક્ટરો સાથે પણ સમયાંતરે મિટીંગ બોલાવી ચર્ચા-વિચારણા કરવામાં આવશે. બુધવારે હિંમતનગરમાં યોજોયલા તાકીદની આ બેઠકમાં રાજસ્થાન અને ગુજરાતના રેન્જ આઈ.જી. તથા જિલ્લા પોલીસવડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોડાસાના કોલીખડ-કીડી રાજ્ય ધોરીમાર્ગ પર સીતપુર પાસે ગાબડા અને ઉબડ-ખાબડ માર્ગથી અકસ્માતનો ભય



મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના રાજ્ય ધોરીમાર્ગોની જિલ્લામાં વરસાદી પાણીથી ઠેર-ઠેર ગાબડા પડી ગયા છે. જિલ્લાના મોટાભાગના રાજ્યધોરીમાર્ગ હલકી કક્ષાના મટીરીયલ્સ અને કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની મીલીભગતથી મોટી ખાયકી કરી બનાવેલા માર્ગ પ્રથમ વરસાદી સીઝનમાં ધોવાઈ જતાં પ્રજાજનોમાં રોષ ફેલાયો છે. કોલીવડ સ્ટેન્ડથી કીડી જતા માર્ગ પર ઠેર ઠેર પડેલા ગાબડાઓથી પ્રજાજનોમાં ફફટાડ ફેલાયો છે. કોઈના લાડકવાયાનો ભોગ લેવાય તે પહેલા તંત્ર જાગે તે ખુબ જ જરૂરી છે.

મોડાસા-ધનસુરા રાજ્ય ધોરીમાર્ગ પર મોડાસાથી ૫ કિમી દૂર આવેલા કોલીવડ ગામના સ્ટેન્ડથી કીડી જતા માર્ગ ઉપર ઠેર ઠેર સર્જાયેલા ગાબડાઓથી વાહનચાલકોમાં અકસ્માતની ભીતી સેવાઈ રહી છે. નવી શિણોલથી કીડી, પુંસરીને જોડતા ટુંકા માર્ગ એવા કોલીખડ-કિડીગામ જવાના માર્ગ પર સીતપુર અને અન્ય રોડ પર ગાબડા સર્જાતા વાહન ચાલકો સામે જોખમ તોળાઈ રહ્યું છે. આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અકસ્માતના ભયના ઓથાર હેઠળ જાનના જોખમે અહીંથી પસાર થઈ રહ્યા છે. રાત્રીના સમયે માર્ગ પરથી પસાર થતા મોટા વાહનચાલકો ડીપર લાઈટનો ઉપયોગ કરતા ના હોઈ દ્વિ-ચક્રી વાહનચાલકો અને નાના-વાહનચાલકો માર્ગ પર પડેલા ગાબડાઓમાં ખાબકવાનો ભય સેવાઈ રહેવાની સાથે જાનનું જોખમ રહેલું છે. અહીંથી પસાર થતા પાંચથી વધારે વાહનચાલકો આ ગાબડામાં ખાબક્યા હોવાની ઘટનાઓ બની છે. સદ્નસીબે મોટરસાઈકલ અને સ્કૂટર ચાલકોના શરીરે સામાન્ય ઈજાઓ થવાની ઘટના બની હતી. સદનસિબે જાનહાની ટળી હતી. કોઈ ગમખ્વાર અકસ્માત સર્જાય તે પહેલા કોલીખડ-કીડી રાજ્ય ધોરીમાર્ગનુંસમારકામ કરી ગાબડા સત્વરે પુરવા ગામડાઓના પ્રજાજનોની માંગ ઉઠી છે.

## કાટવાડ પાસે બાઈકને ટક્કર મારનાર કારચાલક પકડાયો

હિંમતનગર, તા. ૧૮

પ્રાંતિજ તાલુકાના કાટવાડા પાસે તાજેતરમાં એક કારચાલકે બાઈકને ટક્કર મારતા તેમનું મોત નિપજ્યું હતું. આ અંગેની વિગત એવી છે કે કાટવાડ પાસેથી બાઈક નં. જીજે.પી.૮૬૯૬ પર બેસી જઈ રહેલા ડુંગરપુર જિલ્લાના રાજપુર ગામના ચંદુલાલ બારોટને કાર નં. એમ. એચ. ૦૪.ઈટી.૪૮૭૯ના ચાલક પંકજભાઈ કાંતીભાઈ સુથારે ટક્કર મારતા બાઈકચાલકનું મોત નિપજ્યુંહતું. ત્યારબાદ પ્રાંતિજ પોલીસે બુધવારે આ કાર ચાલકને ઝડપી લીધો હતો.

## ઉઘરાણીની અદાવતમાં ભાંખરાના ઇસમ પર હુમલો કરાતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૦

ભાંખરા ગામના નટવરભાઈ માવજીભાઈ અસારીએ ગામના વિદ્યાસાગર મગનલાલ બળેવિયાના ખેતરમાં ટ્રેકટરથી ખેડ કરી હતી. જેની તેમણે ઉઘરાણી કરતા વિદ્યાસાગર અને તેના પિતાએ ગુરૂવારે નટવરભાઈ સાથે તકરાર કરી અપશબ્દો બોલ્યા હતા. જેથી નટવરભાઈએ વિદ્યાસાગર તથા તેના પિતા મગનલાલને અપશબ્દો બોલવાની ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા વિદ્યાસાગરે કુહાડીની ઉંધી મુદર, જયારે મગનલાલે લાકડી વડે નટવરભાઈને માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા નટવરભાઈએ વિદ્યાસાગર બળેવિયા અને તેના પિતા મગનલાલ વિરૂધ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મહેસાણામાં એરટેલ દ્વારા ગ્રાહકો માટે પ્લેટિનમ ૩જી નેટવર્કનો પ્રારંભ

મહેસાણા, તા. ૨૦

અગ્રણી ટેલીકોમ્યુનિકેશન ભારતી એરટેલ દ્વારા મહેસાણા શહેરમાં ગ્રાહકો માટે પ્લેટિનમ ૩જી નેટવર્ક શરૂ કરવામાં આવ્યું છે. આ નેટવર્કથી ઈન્ડોર કવરેજ અને અવાજની ગુણવત્તામાં વધારો થશે. આ સાથે ઝડપી ઈન્ટરનેટ સેવા મળી શકશે. પ્લેટિનમ ૩જીના લોન્ચિંગ પ્રસંગે ભારતી એરટેલ ગુજરાતના સીઈઓ મૂર્તિ ચંગતીએ જણાવ્યું હતું કે, ટેલીકોમ્યુનિકેશન ફોટો નવિન પહેલ અંગે ખુશી વ્યક્ત કરી મહેસાણામાં વૈશ્વિક સ્તરના સ્માર્ટફોન નેટવર્કનો અનુભવ માણવા માટે આમંત્રિત કરીશુ. ગ્રાહકોને વર્તમાન ૩જી દરે સારા અવાજ સાથે ડેટા કનેક્ટીવિટીનો લાભ પુરો પાડશે.

## વડગામના ભરોડ ગામમાં મંદિરની દાન પેટીમાંથી રોકડ રકમની ચોરી કરી તસ્કરો ફરાર

હિંમતનગર, તા.૨૦

વડગામ તાલુકાના ભરોડ ગામ ગત રાત્રે તસ્કરો એ કેદાશ્વર મહાદેવ ના મંદિર ની દાન પેટી ઉઠાંતરી કરી અંદર પડેલ રોકડ રકમ ની ચોરી કરી ફરાર થઈ હતા

પ્રાપ્ત વિગતો અનુસાર ગત રાત્રી ના સમય વડગામ તાલુકા ભરોડ ગામ માં કેદાશ્વર મહાદેવ નું મંદિર આવેલું છે છેલ્લા કેટલાય સમય થી વીજ કનેક્શન હોવા છતાં મંદિર માં રાત્રી ના સમય માં અંધારપટ રહે છે જેનો તસ્કરો એ ગત રાત્રે લાભ ઉઠાવી કેદાશ્વર મહાદેવ નું મંદિર ના મુખ્ય દરવાજા ના તાળા તોડી અંદર પડેલ આખી દાન પેટી ઉઠાવી હતી અને મંદિર ના જ સંકુલ માં તસ્કરો દાન પેટી તોડી અંદર પડેલ રોકડ રકમ લઈને ફરાર થઈ ગયા હતા જો કે દાન પેટી કેટલી રોકડ રકમ હતી તે માલુમ પડ્યું નથી પરંતુ મંદિર માં થયેલી ચોરી ના મામલે ટ્રસ્ટીઓ એ પોલીસ ફરિયાદ માટે તજ વીજ હાથ ધરી છે

## પાલનપુરમાં લોકોની ઉદાનસીતા ઉમેદવારો માટે બની શિરદર્દ સમસ્યા

પાલનપુર, તા.૨૦

સ્થાનિક સ્વરાજની ચુંટણી માં હજુ રાજકીય પ્રચાર ધીમી ગતિએ ચાલી રહયું છે જીલ્લા મથક પાલનપુર માં પાલીકની ચુંટણીમાં મતદારોના મૂડનો મિજાજ આ વખતે કઈંક અલગ જ દેખાઈ રહયું છે જેના લીધે રાજકીય પક્ષો પણ પોતાનું પ્રચાર કરવા માટે ફોફા મારી રહયા છે. આગામી ૨૯ નવેમ્બરના રોજ પાલનપુર નગરપાલિકાની ૧૧ વોર્ડ માટે ૪૪ ઉમેદારો માટે ચુંટણી યોજાવાની છે ત્યારે પાલિકા ની ચુંટણીમાં પાલનપુર વાસીઓમાં કયા કારણોસર નિરાસા જોવા મળી રહી છે જેનાથી સ્થાનિક નેતોઓ પણ અકળાઈ રહયા છે. હાલમાં ભાજપ હોય કે કોંગ્રેસ સ્થાનિક વિસ્તાર ચુંટણી પ્રચાર કરવા જતા ઉમેદવારોને પણ લોકો નજરઅંદાજ કરી રહયા છે. તો બીજી તરફ દિવાળીની રજાઓ હોવાથી શહેરના બજારમાં પણ ઉદાસીન વાતાવરણ જોવા મળી રહયો છે જુદી જુદી સમસ્યાઓથી ઘરેયાલું પાલનપુર શહેરના લોકોની ઉદાનસીતા ઉમેદવારો માટે કેવા ચુંટણી પરિણામ લાવશે તે હવે જોવાનું રહયું.

## દિયોદરના વખા ગામે ગરીબ ખેત મજૂરનું ઝુંપડુ બળીને ખાખ



**આગમાં ઘરવખરી અનાજ, કપડાં અને દરદાગીના અને રોકડ રકમ પણ બળી ગઈ**

દિયોદર, તા. ૨૦

દિયોદર તાલુકાના વખા ગામે ખેતરમાં ઝુપડુ બાંધીને રહેતા અને ખેત મજૂરી કરતા ખેડૂતનું અચાનક જ અગમ્ય કારણોસર ઝુપડુ બળીને ખાખ થઈ ગયું હતું. જો કે આ બનાવમાં કોઈ જાનહાની થઈ નથી ખેડૂતને અંદાજે બે લાખનું નુકશાન થયું હોવાનું મનાઈ રહ્યું છે.

દિયોદર તાલુકાના વખા ગામે ખેતરમાં જ ઝુંપડુ બાંધીને ગંગાજી રાયચંદજી ઠાકોર પરિવાર સાથે રહે છે. અને ખેત મજૂરી કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. દરમિયાન ગત રોજ રાત્રીના સમયે ગંગાજી ઠાકોર પોતાના ખેતરમાં પાણી વાળી રહ્યા હતા. બસ આજ અરસામાં તેમના ઝુંપડામાંથી આગની લપટો દેખાતા ઘરના બધા સભ્યો બહાર દોડી આવ્યા હતા. જોત-જોતામાં ઝુપડુ મિનિટોમાં બળી ગયું હતું અને ઘરમાં રહેલી ઘરવખરી, અનાજ દાગીના અને રોકડ રકમ બળીને ખાખ થઈ ગયા હતા. ખેડૂતને અંદાજે બે લાખ રૂપિયાનું નુકશાન થવા પામ્યું હતું.

ખેત મજૂરી કરતા ખેડૂતની છત છીનવાઈ જતા ઘર વિહોણા બનેલા ગરીબ ખેડૂતે આ મામલે તાલુકા વિકાસ અધિકારી અને સંબંધિત અધિકારીને લેખિતમાં વળતર માટે રજૂઆત કરી છે.

## શામળાજી ખાતે ભવ્ય તુલસી વિવાહ યોજાશે

**યાત્રાધામ શામળાજી મંદિરે કારતક અગીયારસે ભવ્ય તુલસી વિવાહનું કરાયેલ આયોજન**

શામળાજી, તા. ૨૦

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના વિષ્ણુ મંદિરમાં ૨૨મી નવેમ્બરને કારતક સુદ અગિયારસના દિવસે ભગવાન કાળિયા ઠાકરના તુલસીજી સાથે પ્રકૃતિ સાથેનો લગ્નનો ઉત્સવ ભાવ અને શ્રદ્ધાપૂર્ક દબદબાભેર ઉજવવામાં આવશે.

શામળાજીના વિષ્ણુમંદિરમાં ઉત્સવ અંતર્ગત ભગવાન શામળીયાનો હાથી, ઘોડા ઉપર વરઘોડો નીકળશે. આ પ્રસંગે મંદિર પરિસર અને તુલસી વિવાહ ઉત્સવમાં હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવશે. ઠાકોરજીના આ લગ્નના ઉત્સવને યાદગાર બનાવવા ટ્રસ્ટ તેમજ આ તુલસી વિવાહના દાતાઓ દ્વારા ભવ્ય તૈયારીઓ હાથ ધરી આ મહોત્સવમાં શામળાજી સહિત પંથકના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં હાજર રહે અને તુલસીવિવાહના ઉત્સવમાં જોતરાય તેવું આહ્વાન કર્યું હતું.

શામળાજી ખાતે કારતક સુદ ૧૧ એટલે કે તુલસીજીના વિવાહનો ઉત્સવ ૨૨મી નવેમ્બરને રવિવારના રોજ ઉજવવામાં આવનાર છે. આ ઉત્સવ ઉજવવા શામળાજી મંદિર ટ્રસ્ટ તેમજ વરપક્ષના યજમાન મનોજભાઈ ચૌહાણ પરિવાર કન્યા પક્ષના યજમાન નિતિનભાઈ જરીવાલા પરિવાર તેમજ વરઘોડાના યજમાન મનોજભાઈ પટેલ પરિવાર દ્વારા તડામાર તૈયારીઓ આરંભાઈ છે. જે અંતર્ગત મંદિરને રંગબેરંગીથી શણગારાયું છે. કારતક સુદ-૧૧ રવિારે સવારે ૭.૩૦ કલાકે રાજયોગ મહાપૂજા, ૯.૩૦ કલાકે કેસરજળ સ્નાન, ૧૧.૦૦ કલાકે પૂજા હોમ અને હવન બપોરે ૧૨.૩૦ કલાકે શ્રેય સંપાદન વિધિ, ૧૨.૩૯ કલાકે ધજા આરોહણ કરાયા બાદ હેલીકોપ્ટર દ્વારા શળામળીયા શેઠના મંદિર પર ગુલાબ, મોગરો, ચમેલીની પાંખડીઓથી પુષ્પવર્ષા ત્યારબાદ ૩.૦૦ કલાકે ભવ્ય વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વરઘોડામાં ભારતીય સંસ્કૃતિની જાંખી કરાવતા નૃત્ય, હાથી-ઘોડા અને પાલખી તેમજ બગીઓ અને ભજન મંડળીઓ, રાસ-ગરબા સાથે જાન લઈને આવશે. સાંજે ૬.૩૦ કલાકે ભગવાન શામળીયાના વૃંદા તુલસી સાથે હસ્ત મેળાપ કરાવશે. ૭.૧૫ કલાકે સાંજે જાનને ભાવભીની વિદાય (કન્યા વિદાય) અપાશે. તુલસી વિવાહના અગાઉ શનિવારના દિવસે મંદિરના પરિસરમાં રાત્રીના સમયે ભવ્ય લોકડાયરાનું આયોજન કરાયું છે. અરવલ્લી જિલ્લાના પ્રજાજનો અને આદિવાસી સમાજના લોકો તુલસી વિવાહ ઉત્સવની ઉજવણીમાં સામેલ થવા થનગની રહ્યા છે.



## ઊંઝાના મંગલમ ફ્લેટના ત્રણ મકાનનાં તાળાં તોડી તસ્કરો ચાલીસ હજારની ચોરી કરી પલાયન

ઊંઝા, તા. ૨૦

ઊંઝા શહેરમાં દિવાળીના તહેવારો દરમિયાન ભરતનગર સોસાયટી સામેના મંગલમ ફ્લેટમાં આવેલ ત્રણ બંધ મકાનોના તાળા તોડી અંદર પ્રવેશીને કોઈ તસ્કરો રૂપિયા ચાલીસ હજારની કિંમતની મત્તાના સોનાના દાગીનાની ઉઠાંતરી કરી ગયા હોવાનો બનાવ બનતા શહેરીજનો ચિંતાતુર બન્યા છે.

વિગત એવી છે કે ઊંઝા ખાતે એસ.ટી. બસ સ્ટેશન નજીક મંગલમ ફ્લેટ આવેલ છે. દિવાળીના તહેવારો દરમિયાન આ ફ્લેટના ત્રણ મકાનો બંધ હાલતમાં હતા ત્યારે કોઈ તસ્કરોએ તેને નિશાન બનાવ્યા હતા. તસ્કરોએ આ ત્રણેય મકાનોના દિવસ કે રાત્રિના સમયે તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. જેમાં ત્રણ પૈકી એક ફ્લેટમાંથી રૂપિયા ચાલીસ હજારની કિંમતની મત્તાના અઢી તોલાના સોનાના દાગીનાની ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે. જ્યારે અન્ય બે બંધ મકાનોના તાળા તુટ્યા છે. તેના માલિકો બહાર ગામ ગયેલા હોઈ તેઓ આવશે ત્યારે કેટલી મત્તાની ચોરી થયેલ છે. તે હકિકત જાણી શકાશે.

ઊંઝા શહેરમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાની લીધે છેલ્લા કેટલાક સમયથી મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. જેથી શહેરીજનોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. સ્થાનિક પોલીસ દ્વારા રાત્રિના સમયે સઘન પેટ્રોલિંગ થતું નથી તેવું લોકોમાં ચર્ચાય છે. ઊંઝા પોલીસ મથકની હદમાં વધતી જતી ગુનાખોરીને કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી જાય છે.

## સુંદરગઢના શખ્સનો એટીએમ કાર્ડ નંબર મેળવી રૂા.૪૮૬૪૪ની છેતરપિંડી કરતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૦

હિંમતનગર તાલુકાના સુંદરગઢ ગામે રહેતા એક શખ્સ સાથે ગત તા.૧૦ નવેમ્બરના રોજ અજાણ્યા હિન્દી ભાષીએ મોબાઈલ પર તેમનો એટીએમ કાર્ડ નંબર મેળવી તેમના ખાતામાંથી રૂા.૪૮૬૪૪ ઉપાડી લઈ છેતરપિંડી કરી હતી. જે અંગેની ફરિયાદ ગુરૂવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે સુંદરગઢ ગામે રહેતા જયંતિભાઈ પશાભાઈ સોનેરીના મોબાઈલ પર ગત તા.૧૦ નવેમ્બરના રોજ ૯૧૮૮૭૭૫૭૫૪૫૧ પરથી એક હિન્દી ભાષી માણસનો ફોન આવ્યો હતો. ત્યારબાદ તેમણે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા હિંમતનગર શાખામાં આવેલ બેંકના ખાતાનો એટીએમ કાર્ડનો નંબર જાણી લીધો હતો. ત્યારબાદ આ શખ્સે તેમના ખાતામાંથી રૂા.૪૮૬૪૪ ઓનલાઈન ઉપાડી લીધા હતા. જોકે આ શખ્સે રૂા.૨૮૬૫૪ પરત બેંકના ખાતામાં મુકી દીધા હતા. ત્યારબાદ રૂા.૧૯૯૯૦ ખાતામાં પરત જમા નહિ કરાવતા જયંતિભાઈ સોનેરીએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ગુરૂવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ગોરાટીંબા ગામેથી રૂા.૪૮ હજારના બે પશુ ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૦

તલોદ તાલુકાના ગોરાટીંબા ગામે રહેતા અરવિંદભાઈ હરિભાઈ પટેલના ઘરેથી ગુરૂવારે પીકઅપ ડાલા નં.જીજે.૯.ઝેડ.૨૧૦૪નો ચાલક તથા બીજા ચાર માણસો એક ભેંસ અને તેના વાછરડા મળી રૂા.૪૮ હજારના પશુ ચોરી ધરી લઈ ગયા હતા. જે અંગે અરવિંદભાઈ હરિભાઈ પટેલે ડાલાના ચાલક તથા અન્ય ચાર શખ્સો વિરૂધ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હાજીપુર પાસે અજાણ્યા વાહને રાહદારીને ટક્કર મારતાં મોત

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર-અમદાવાદ રોડ પર આવેલ હાજીપુર પાસેથી મંગળવારે રાત્રે પસાર થઈ રહેલા એક અજાણ્યા વાહને રાહદારીને ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યું હતું. જે અંગે એ-ડીવીઝન પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે મંગળવારે રાત્રે હાજીપુર પાસેથી પસાર થઈ રહેલ અરવિંદસિંહ અગરસિંહ જાડેજા (ઉં.વ.૪૫)ને એક અજાણ્યા વાહને હડફેટે લેતાં તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. જેથી તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ત્યારબાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ થતાં પીસીઆર વાન સાથે સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## ઈડરની યુનિક યુ સ્કૂલમાં ગણિતનો વર્કશોપ યોજાયો

ઈડર, તા. ૨૦

યુનિક યુ સ્કૂલ, ઈડર



ગણિતના પાયાના ખ્યાલો સ્પષ્ટ થાય અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ તૈયાર થાય તે માટે પ્રાથમિક કક્ષાએથી પ્રયત્નશીલ છે.

તાજેતરમાં ડૉ. શ્રી ઉદયન પ્રજાપતિ, હેડ, મેથ્સ વિભાગ, કોલેજ, અમદાવાદ તથા ગુજરાત ગણિત મંડળના જોઈન્ટ સેક્રેટરી દ્વારા શીખો ગણિત ગમ્મત સાથે વિષય ઉપર ખાસ વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

આ વર્કશોપની અંદર મેજિકસ્કવેર, પઝલ્સ, તર્કશક્તિ કેમ વિકસાવવી અને જીવનમાં ગણિતનો વ્યવહારૂ ઉપયોગ વગેરે બાબતો રમુજી રીતે સમજાવી હતી.

વિદ્યાર્થીઓએ મનભરીને માણેલ આ વર્કશોપમાં ડૉ. પ્રજાપતિએ નવા પુસ્તકો વાંચવા ખાસ ભલામણ કરી હતી.